# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO. MAHBIL/2021/80571

Vol. No. : 58 ❖ Issue : 11 ❖ Pages : 52 ❖ May 2023 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-



શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા

**સમાજ રત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**



શ્રી હર્ષદભાઈ દીપચંદ શાહ

ૐ

શ્રી આદિનાથાય નમઃ

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂતિપૂજક સંઘ-મુંબઈ

સંચાલિત : શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ

(યાત્રિક ભવન), પાલીતાણા

લાભાર્થી પરિવાર : માતુશ્રી રંજનબેન હર્ષદભાઈ દીપચંદ શાહ

લીંબડી, હાલ વાલ્કેશ્વર-મુંબઈ



શ્રીમતી રંજનબેન હર્ષદભાઈ શાહ

# જાહેર આમંત્રણ

## શાશ્વતા તીર્થમા નવપદજીની આયંબીલની ઓળી કરી પુણ્ય કમાવવાનો દ્વિતીય અપૂર્વ અવસર

શાશ્વતા તીર્થધિરાજ સિદ્ધાચલ ગીરીરાજ તીર્થની પવિત્ર પુણ્ય ભુમી ઉપર આસો માસની નવપદજીની આયંબિલની ઓળી વિક્રમ સંવત-૨૦૭૯. આસો સુદ ૬ શુક્રવાર તા. ૨૦-૧૦-૨૦૨૩ થી ૨૮-૧૦-૨૦૨૩

આપણા ઝાલાવાડ યાત્રિક ભવન પાલીતાણા મુકામે દ્વિતીય અપૂર્વ એવો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. શાશ્વતા તીર્થભૂમી પર ચૈત્રમાસની નવપદજીની આયંબીલની ઓળી ધર્મ આરાધના સાથે સુખશાતા પૂર્વક ધન્યતા પામી ૧૧૭ આરાધકોએ પૂર્ણ કરેલ. હવેનો દ્વિતીય ઓળીનો લાભ શ્રી હર્ષદભાઈ દીપચંદના ધર્મપત્ની સ્વ. શ્રીમતી રંજનબેન હર્ષદભાઈ શાહ પરિવારે લીધેલ છે.

આ પરિવાર માટે લખવાનું આવે તો જેટલું લખીએ તેટલું ઓછું ગણાશે. સામાજિક ક્ષેત્રોમાં સાધર્મીક ભક્તિ, કેળવણી સહાય, તબીબી સહાય અને શ્રી સંઘ અને ફાઉન્ડેશન ને મજબૂત કરવામાં ફાળો આપેલો છે. છેલ્લા ૩૦ વર્ષ થી પણ તન-મન-અને ધનથી સવિષેશ સેવા સાથે આજે ૮૫ વર્ષની ઉંમરે પણ સમાજની દરેક યોજના ઓ માટે સક્રીય રસ લઈ રહ્યા છે.

પરિવારમાં સ્વ.માતુશ્રી કમળાબેન દીપચંદના મળેલ સંસ્કારોથી શ્રી હર્ષદભાઈ ધર્મની આરાધના ૮૫ વર્ષની ઉંમરે શક્ય તેટલી કરતા જ રહે છે. આરાધકોએ શાશ્વતી નવપદજી ઓળીમાં જોડાવા માટેનું ફોર્મ આ પત્રિકામાં આપેલ છે. વેહલા-તે-પહેલા ના ધોરણે ૧૦૮ ભાઈઓ-બહેનો ને હાર્દીક આમંત્રણ છે.

ફોર્મ ભરી મોકલવાની છેલ્લી તારીખ ૧૨-૦૬-૨૦૨૩ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી છે.

વિશેષ માહીતી માટે સંપર્ક : ધીરૂભાઈ આર. સંઘવી - ૯૮૨૧૦૨૧૬૮૮ / મહેન્દ્રભાઈ વી. શાહ - ૯૮૨૧૪૧૩૩૭૭ / ભરતભાઈ એન. કુવાડીયા - ૯૮૨૧૬૫૫૯૪૩ સંપર્ક સમય : ૧૧ થી ૭ સુધીમાં જ કરવો.

SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જ્વેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જ્વેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંન્દા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

## મેઘધનુષી સપ્તરંગી,
## કર્મવાદી આપને ભાવાંજલિ....

# શ્રી કમલેશ કાંતિલાલ શાહ
# (ટિકુભાઈ)



### બોટાદ નિવાસી હાલ સાયન - મુંબઈ

**૪-૧૨-૧૯૬૦ - ૧૧-૩-૨૦૨૨**

આપનો પ્રેમાળ, લાગણીશીલ અને સતત જીવંત વ્યક્તિત્વનો સ્નેહ અને સંબંધોની મીઠાશને આપની સતત હાજરીનો એહસાસ કરાવે છે.

આપની ઉદારતા, કાર્યક્ષમતા, સત્કર્મો, જગત કલ્યાણની ભાવના સૌને સ્પર્શી ગઈ છે, આપનો હસતો ચેહરો અને તેની મૃદુતા, આનંદિત સ્વભાવ, ધાર્મિકતા, સદ્ભાવના સાથેની પ્રેરણા હંમેશા સ્મૃતિપટમાં અંકાઈ જાય છે. મિલનસાર સ્વભાવ, ધૈર્યવાન, મહેફીલના બાદશાહ, આપનું મોજીલુ વ્યક્તિત્વ અમોને જીવન જીવવાની અખૂટ પ્રેરણા પૂરી પાડે છે.

ખમીરી, ખુમારી અને ખાનદાનીના ત્રીવેણી સંગમે પરિવારને કર્તવ્ય પરાયણતાના અને પુરુષાર્થ પરાયણના પાઠ શીખવ્યા, આપની ઉદારતા અને ત્યાગની ભાવનાથી અમે સૌના આત્મીય બની શક્યા.

આપે સીંચેલા સંસ્કારોને આત્મસાત્ કરવાની ઈશ્વર અમોને ક્ષમતા આપે તેવી પ્રાંજલ પ્રાર્થના.

મધુર સ્મૃતિ સાથે આપનો દિવ્ય આત્મા મોક્ષગતિને પામે..

**માતા-પિતા :** મંજુલાબેન કાંતિલાલ શાહ

**જીવન સાથી :** બેલા કમલેશ શાહ

**પુત્રી :** ડૉ.ઈશા, મીત્સુ

કેતન-દિપ્તી, રિધ્ધી-ગોપાલ, હની

**સુરજબા ઉજમશી નાનચંદ શાહ પરિવાર**

**મધુબેન નવીનચંદ્ર ચંપકલાલ શાહ પરિવાર**

સદ્ગતના આત્મશ્રેયાર્થે કેળવણી સહાય ભેટ રૂ.૧૦૦૦/-, પત્રિકા ભેટ રૂ.૧૦૦૦/-, તબીબી સહાય રૂ.૧૦૦૦/-, સાધર્મિક ભક્તિ ભેટ રૂ.૧૦૦૦/-, તપશ્ચર્યા ભેટ રૂ.૧૦૦૦/- કૂલ રૂ.૫૦૦૦/- શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘને ભેટ આપેલ છે.

ACME MACHINERY INDIA (P) LTD.
KOMPRESS INDIA (P) LTD.
KOMPRESS We create space on earth
LA LUNA LABS

## તંત્રી સ્થાનેથી....

છેલ્લા ચાર માસથી ચૈત્રમાસ નવપદજી આયંબિલ ઓળીની આરાધનાની તૈયારી ચાલી રહી હતી. જેના ફળસ્વરૂપ ૧૧૭ આરાધકોએ નજદીકના તીર્થોની યાત્રા, રોજ નિત્યક્રમમાં શ્રીપાળ રાજાના રાસનું વાંચન, વ્યાખ્યાન, આજુબાજુના જિનાલયોમાં અષ્ટપ્રકારી પૂજા, રોજ પ્રતિક્રમણ વગેરે સાથે સુંદર તપ આરાધના થઈ.

આ સમય દરમ્યાન મારી હાજરી પાલીતાણા હોવાથી ગત એપ્રિલ માસની પત્રિકાની જવાબદારી પૂર્વ સંપાદક શ્રી ઉપેન્દ્રભાઈ રસિકલાલ શાહે સંભાળી મને ઉપકૃત કરેલ. આ પત્રિકાનું કાર્ય આ દિવસોમાં જ પૂર્ણ કરેલ. તે બદલ હું તેમનો ઋણી છું. સાથે તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

તેમણે પત્રિકાનું કાર્ય સંભાળ્યું ત્યારેજ હું નવપદ આયંબીલ ઓળી કરી શક્યો.

ફરી એક વખત શ્રી ઉપેન્દ્રભાઈનો આભાર માનું છે.

### પાલીતાણા યાત્રિક ભવનમાં પધારતા યાત્રિકોને ખાસ નોંધ લેવા વિનંતી

**પાલીતાણા સ્થિત આપણા યાત્રિક ભવનમાં નવી લીફ્ટ બેસાડવાની પ્રક્રિયા તા.૧૩-૫-૨૦૨૩થી તા.૨-૬-૨૦૨૩ સુધી ચાલશે. જેથી આ સમય દરમિયાન યાત્રિકો લીફ્ટનો ઉપયોગ કરી શકશે નહીં. સર્વે યાત્રિકોને આ દરમિયાન પડતી અગવડતા બદલ અમો દિલગીર છીએ. યાત્રિકો યાત્રિકભવનમાં બુકિંગ કરાવતી વખતે ઉપરોક્ત નોંધને ધ્યાનમાં લઈને બુક કરાવવા નમ્ર વિનંતી.**

**લી.: મહેન્દ્ર વૃજલાલ શાહ (કન્વીનર) - મો. ૯૮૨૧૪૧૩૩૭૭**

### શું વાંચશો આ અંકમાં...

**❖ શ્રી સંઘ આયંબીલ ઓળીના ફોટા અને અહેવાલ ❖ ઝાલાવાડ મંડળ - બોરીવલી ફોટા અને અહેવાલ ❖ ઘાટકોપર યુવક મંડળ - ફોટા અને અહેવાલ ❖ જે.જે.સી. (સાયન-માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ શૈક્ષણિક જાણકારી ❖ ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ ❖ પરિવાર શ્રધ્ધાંજલી - શ્રી સી.કે.શાહ, શ્રી કમલેશભાઈ કે. શાહ ❖ દૃષ્ટીનું ઓપરેશન - ડૉ.તેજ સાહેબ ❖ આયંબીલ ઓળી આરાધકોના અભિપ્રાય - અનુભવ ❖ શ્રી સંઘ કેળવણી (સ્કુલ ફી) માટેની અરજીપત્રક માટે જાણકારી ❖ આસોમાસ આયંબીલ ઓળીનું ફોર્મ ❖ શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-વાર્ષિક (૨૦૨૧-૨૩) અહેવાલ ❖ શ્રી સંઘ વાર્ષિક સામાન્ય સભા પરિપત્ર ❖ શ્રીમતી અનિષાબેન અમીતભાઈ ગાંધીના શૈક્ષણીક ઉપલબ્ધિ ❖ શુભ વેવિશાળ ❖ જન્મ દિન અને લગ્ન દિનની શુભેચ્છા ❖ સમાજના પરિવારના અરિહંત થયેલા સભ્યોને શ્રધ્ધાંજલી ❖ મંડળ, મહીલા મંડળ, યુવા મંડળ અહેવાલ**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ -મુંબઈ**

**પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ**
**IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ**
**ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
**ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ**
**મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ**
**શ્રી ધીરૂભાઈ રતીલાલ સંઘવી**
**શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા**
**સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ**
**ખજાનચી : શ્રી ગીરીશભાઈ કાંતીલાલ શાહ**
**સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ**

**ટ્રસ્ટીશ્રીઓ**

**શ્રી કિરીટભાઈ રતનશી શાહ**
**શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ**
**શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ**
**શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ**
**શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ**

**તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ**

**રજી. ઓફીસ**
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની, મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે, ૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ૧૦૩, અશોક હાઈટસ, સરસ્વતી ટાવર સામે, ઓફ જુના નાગરદાસ રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯
**કામકાજનો સમય : ૧૧.૩૦ થી ૫.૩૦**
**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**
દામોદરવાડી : ૨૮૮૭ ૪૬૩૩

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

છૂટક મુલ્ય રૂા.૩/-

Email :
zalawadjainsangh@gmail.com
Website :
www.zalawadjainsangh.org

### શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મુંબઈ

## વર્ષ ૨૦૨૨-૨૩ વાર્ષિક અહેવાલ

સુજ્ઞ સભાસદ ભાઈઓ,

ગત નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન શ્રી સંઘ દ્વારા સભ્યો તથા સમાજ માટે થયેલ કાર્યોનો આછેરો ખ્યાલ આપવા સાથે આપ સૌની સમક્ષ આ અહેવાલ રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

ગત વર્ષ માં ચૂંટાયેલા તેમજ મુરબ્બી/ટ્રસ્ટીશ્રીઓનાં આદરણીય એવા યુવા અને અનુભવી પ્રમુખશ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ નાં માર્ગદર્શનમાં આ વર્ષ દરમ્યાન સમાજ ઉપયોગી સુંદર કાર્યો થઇ રહેલ છે. કારોબારી સમિતી સભ્ય ડીરેક્ટરી.......

ગત વર્ષે નવી કારોબારી સમિતી વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ ત્રણ વર્ષ માટે કારોબારી સમિતી સભ્યો અને ટ્રસ્ટીશ્રી બીનહરીફ વરણી / નિમણુંક થયેલ હતી. જેનો યશ સમાજના અગ્રગણ્યો સર્વ શ્રી દીલીપભાઇ કે. શાહ - સમાજરત્નશ્રી ચીનુભાઇ એચ. શાહ અને અને શ્રી અરવીંદભાઇ કે. શાહ વગેરે ના પ્રયત્નો થી સર્વાનુમત્તે વરણી કરવામાં આવેલ અને દરેક સભ્યો સહર્ષ સ્વીકારી સુંદર સાથ સહકાર આપેલ.

ટ્રસ્ટીશ્રી, હોદ્દેદારો કારોબારી સભ્યો અને મુરબ્બી સભ્યોની મેમ્બર ડીરેક્ટરી બનાવી સભ્યો અને અગ્રગણ્યોને આપેલ જેને વિમોચન કરવાનો લાભ શ્રી કમલેશભાઇ મહાસુખલાલ પારેખ પરીવારે શ્રી સંઘને અર્પણ કરેલ જે ત્રણ વર્ષ માટે દરેક ખૂબજ ઉપયોગી થશે. આ મેમ્બર ડીરેક્ટરીની પ્રણાલીકા ઘણા વર્ષોથી શ્રી સંઘ બહાર પાડે છે.

શ્રી સંઘ આજે પ્રગતિ કરી રહયો છે. શ્રી સંઘના દરેક કાર્યોની સફળતામાં સમાજના અગ્રગણ્ય, શ્રેષ્ઠી દાતાઓને આભારી છે તેમજ પરા ઉપનગરનાં મંડળો, મહિલા મંડળો તથા યુવા મંડળોનો ઘણો જ અગત્યનો ફાળો રહયો છે. આપણો ઝાલાવાડી સમાજ જૈન સમાજમાં આગવું સ્થાન ધરાવે છે.

### શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર ચંદુલાલ શાહ
### રામપુરા ભંકોડા હાલ અંધેરી - મુંબઈ
### કાયમી કેળવણી સહાય યોજના
### (વિદ્યાર્થી સન્માન)

શ્રી સંઘના ઉદ્દેશ મુજબ શ્રી સંઘ દર વર્ષે કેળવણી ક્ષેત્રે વધુને વધુ રકમની સહાય માટે ફાળવણી કરે છે. શ્રી સંઘ ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સહાય કરે છે. આજની વધતી મોંઘવારી ના સમયમાં બાળકોને ભણાવવા માટે, છેલ્લા થોડા વર્ષોમાં સ્કુલની શીક્ષણ ફી મા વધારો થયેલ છે. જેથી કુટુંબો માટે આર્થીક રીતે વિકટ પશ્ન બની રહ્યો છે.

આ વર્ષે ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા ૫૩ પરિવારના કુલ ૮૪ વિદ્યાર્થીઓને ફી પેટે રૂા. ૫,૩૬,૦૦૦/- સહાય રૂપે આપવામાં આવેલ છે. ધોરણ ૧ થી ૫ ના ૨૦ વિધ્યાર્થીને રૂા.૫૦૦૦/- લેખે રૂા.૧,૦૦,૦૦૦/- તથા ધોરણ ૬ થી ૮ ના ૨૫ વિધ્યાર્થીને રૂા.૭૦૦૦/- લેખે રૂા.૧.૭૫,૦૦૦/- અને ધોરણ ૯ થી ૧૦ ના ૨૯ વિધ્યાર્થીને રૂા.૯૦૦૦/- લેખે રૂા.૬૧,૦૦૦/-પ્રમાણે આપેલ છે.

કેળવણી કમીટીના કન્વીનર શ્રી જયેન્દ્રભાઇ હરિલાલ શાહ તથા તેમની સમગ્ર કમીટીનો સુંદર સેવા આપવા બદલ આભાર માને છે.

### શ્રી સંઘ તરફથી સમાજના પરિવારોને નવુ નઝરાણુ...
### શ્રી સંઘની માલિકીની ઓફિસ(કાર્યાલય)

આપણા શ્રી સંઘની સ્થાપના સંવંત ૧૯૬૮ (ઇ.સ. ૧૯૧૨)માં થઇ. આપણો શ્રી સંઘ આજે ૧૧૨ વર્ષનો થયેલ છે.ભવ્ય, ભાતીગળ અને ઉજ્જવળ ઇતિહાસ ધરાવતા આપણા શ્રી સંઘને તેના પૂર્વ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો, વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ તેમની આગવી સૂઝબૂઝથી પ્રબળ નેતૃત્તવ પુરૂ પાડી આ ભવ્ય ઇમારતનું ચણતર કરેલ છે જેના મીઠા ફળ આજના દિવસે આપણે સૌ માણી રહ્યા છીએ. આ સૌના પ્રબળ નેતૃત્વ તથા દાતા પરિવારોના સમયાનુસાર અમૂલ્ય સાથ - સહકારથી આપણે અનેક વિધ ક્ષેત્રે પ્રગતિ શક્યા છીએ.

વિતેલા વર્ષો તરફ નજર કરતાં આપણે જોઇ શકીશું કે (૧) શ્રી સંઘની કાલબાદેવી ઓફીસ (૨) દામોદર વાડી (૩) પાલિતાણા યાત્રિક ભવન (૪) યાત્રિક ભવન ખાતે જિનાલય, વગેરે અનેક ભવ્ય નઝરાણા આપણે સભ્ય પરિવાર સમક્ષ મૂકેલ છે.

છેલ્લા ઘણાં સમયથી આપણા શ્રી સંઘની સભ્ય સંખ્યા દિન - પ્રતિદિન વધી રહી છે. આ સૌ સભ્ય પરિવારને વધુ સારી રીતે તથા સક્ષમ રીતે શ્રી સંઘ તરફથી સેવાઓ જરૂરના સમયે ઉપલબ્ધ થઇ રહે એ હેતુથી છેલ્લા દોઢ - બે વર્ષથી શ્રી સંઘના વર્તમાન ટ્રસ્ટીઓ, પદાધિકારી ગણ માલિકી ધોરણની જગ્યા ઓફીસ (કાર્યાલય) લેવી તે પ્રમાણે આયોજન કરેલ. આ રીતની ઓફીસ લેવા પાછળનો મુખ્ય ધ્યેય એ છે કે સભ્યો પરિવારોને અનુકુળ તથા સુગમતા રહે તથા ભવિષ્યમાં પણ વધનાર સભ્ય સંખ્યાને આપણે સુવ્યવસ્થિત રીતે સેવાઓ આપી શકીએ.

આ માટે કાર્યવાહક સમિતિએ આ મુજબના પ્રસ્તાવને સર્વસંમતિથી મંજૂર કરી દીધેલ છે અને હવે આપણે આપણા શ્રી સંઘની યશકલગીમાં એક નવું પીંછુ ઉમેરવા જઇ રહ્યા છે જેને આગામી ઘણાં વર્ષો સુધી આપણો સમાજ - આપણા સભ્યો ભૂલી શકશે નહીં.

આપ સૌના સાથ - સહકારથી આપણે શ્રી સંઘની ઓફિસ માટે પોતાની માલિકીની જગ્યા લેવાનો નિર્ણય કરવામાં આવેલ. આ ઓફિસ અંધેરી (ઇસ્ટ) ખાતે રેલ્વે સ્ટેશન સામે - મેટ્રો રેલ્વે સ્ટેશનની બાજુમાં નવા જ બંધાતા બીલ્ડીંગમાં નક્કી કરેલ છે. આ ઓફિસ ૪૩૦ સ્કે.ફીટ કારપેટ એરીયાની છે તથા કાર પાર્કિંગની સગવડ પણ આપણને સાથે મળેલ છે. આ નવા બીલ્ડીંગનું બાંધકામ જે બીલ્ડર દ્વારા થઇ રહેલ છે તે આપણા સંઘના ઘણા સભ્યોના પરિચિત છે. આ ઓફિસનો કબ્જો આપણે લગભગ જુલાઇ - ૨૦૨૩ સુધિ મળશે. વિશેષ બાબત એ છેકે સાથે ઝાલાવાડ ફાઉન્ડેશન અને ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટની ઓફીસ ત્યાંજ કાર્યરત થશે.

ઓફિસ કીંમત, સ્ટેમ્પ ડ્યૂટી, ફર્નીચર, વિગેરે મળીને અંદાજીત કીંમત રૂા.૧,૫૦,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ પચાસ લાખ)

આસપાસ થશે. જે માટે ઉદારતાથી રકમ દાતાઓ તરફથી મળેલ છે તે માટે દરેક દાતાશ્રીનો શ્રી સંઘ આભાર માને છે.

**માતુશ્રી રંજનબેન હર્ષદભાઇ દિપચંદ શાહ**
**લીંબડી હાલ વાલકેશ્વર**
**તપસ્વી બહુમાન કાયમી પ્રેરકદાતા**
**માતુશ્રી કમળાબેન જીવરાજ ધ્રુવ પરિવાર**
**હઃ રંજનબેન જીતેન્દ્રભાઇ ધ્રુવ**
**સુરેન્દ્રનગર હાલ કાંદીવલી**
**જમણવારના કાયમી પ્રેરકદાતા**

આપણા શ્રી સંઘ તરફથી દર વર્ષની માફક આ વરસે પણ ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન દામોદરવાડી (એસ.સી. હોલ) કાંદિવલી (પૂર્વ) ખાતે સંવત ૨૦૭૮ ના ભાદરવા સુદ એકમ - રવિવાર તા.૧૧-૯-૨૦૨૨ના દિવસે તપસ્વીઓ - દાતાઓ - વિદ્યાર્થીઓ તથા સમાજ અગ્રગણ્ય - આમંત્રિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું. આ પ્રસંગે લગભગ ૫૦૦ ભાઈ-બહેનોની હાજરી રહી હતી. આ વર્ષે ગાયક - સંગીતકાર વીંશી ગ્રુપના દક્ષેશ શાહ અને શૈલ શાહના સંગીતના સથવારે તપોવંદના કાર્યક્રમ રજુ કરેલ હતો.

આ પ્રસંગે શ્રી સંઘના ટ્રસ્ટીઓ - પદાધિકારીઓ - દાતાશ્રીઓ - સૌ આમંત્રિતો સમયસર લગભગ ૧૦ કલાકે પધારતા તેઓશ્રીનું ચા-કોફી, લીંબુ શરબત થી કરવામાં આવેલ. તપસ્વીઓ તથા વિદ્યાર્થીઓની સંખ્યા - હાજરી સારા પ્રમાણમાં રહી હતી. લગભગ ૧૦.૩૦ કલાકે મહેમાનો - તપસ્વીઓ દામોદરવાડીના ઉપરના હોલમાં પધારવા વિધિસર ક્રમની શરૂઆત નવકાર મંત્રનું ભાવવાહી પઠન, સંગીતના સુરો સાથે કરવામાં આવતા સંપૂર્ણ વાતાવરણ ધર્મમય બની ગયુ હતું.

તપસ્વી બહુમાન કમીટીના કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ગોવનજી શાહે પધારેલા સર્વેનું હાર્દિક સ્વાગત કરી આવકાર આપેલ.

સંઘમંત્રી શ્રી મુકેશભાઈએ સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ દાતા પરિવારના સભ્યો શ્રી હર્ષદભાઈ, શ્રી પારસભાઈ - બેન દિપ્તીબેન, શ્રીમતી મૃદુલાબેન ધ્રુવ અને શ્રીમતી અરૂણાબેન અને શ્રી દેવાંગ પ્રવીણભાઈ શાહ વગેરેને સ્ટેજ ઉપર પધારી સ્થાન ગ્રહણ કરવાની વિનંતી કરેલ. સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ આવકાર આપી સમાજની વિવિધ યોજનાઓ વિષે વિગતવાર રૂપરેખા માહિતી આપેલ. દાતા પરિવારના સભ્યોનું શ્રીફળ મોતીની માળા-શાલ અને કેસરના તિલક કરી પ્રમુખશ્રી દિલીપભાઈ શાહ અને આઈ.પી.પી. શ્રી અરવિંદભાઈ શાહ દ્વારા દાતા પરિવારોનું ક્રમશઃ બહુમાન કરવામાં આવેલ હતું.

ત્યારબાદ ૩૦ ઉપવાસ (માસક્ષમણ) અને તેનાથી વધારે કરી હોય તેમને સ્ટેજ બોલાવી તેઓના બહુમાન કરવાની શરૂઆત કરવામાં આવેલ. જેમાં સૌથી પ્રથમ ચોવીહાર ૪૫ ઉપવાસના તપસ્વી શ્રી કેતનભાઈ કીર્તીભાઈ શાહ કાંદીવલી (ઈ), શ્રી ભોગીલાલ વાડીલાલ વોરા (ઉ.વ.૮૪) માસક્ષમણ અને ચિ.જીનાંગ ચિરાગભાઈ શાજ (ઉ.વ.૬) આઠ ઉપવાસ (અઢાઈ) કરેલ. દરેક તપસ્વી રત્નોનું દાતા પરિવારના સભ્યો દ્વારા વિશિષ્ટ બહુમાન કરવામાં આવેલ. વધારે ઉપવાસ કરનાર શ્રી ભરતભાઈ સંઘવી - ૫૫ ઉપવાસ. સંજોગોવસાત હાજર રહી શક્યા ન હતા. ત્યારબાદ ૩૦ ઉપવાસના તપસ્વીરત્નોનું કેશર તિલક અને મોતીની માળાથી બહુમાન કરવામાં આવેલ.

મંત્રી શ્રી મુકેશભાઈ શાહે શ્રી સંઘની - ફાઉન્ડેશન અને ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અપાતી વિવિધ સહાયની વિગતવાર જાણકારી આપેલ. ગત વર્ષે સાધર્મિક ભક્તિના સહાયક દાતાના લાભાર્થી પરિવાર માતુશ્રી ઈંદિરાબેન નરેશભાઈ હીરાલાલ દેસાઈ (ચોટીલા - હાલ ગોરેગાંવ) પરિવારના શ્રી દિવ્યેશભાઈ દેસાઈ અને શ્રીમતી અલ્પાબેન દેસાઈ સુપુત્રી કુ.કૈરવી દિવ્યેશભાઈ દેસાઈ અને બેન-બનેવી, શ્રીમતી સીમા નિલેશભાઈ કોઠારી, નિલેશ સેવંતીભાઈ કોઠારી પણ સન્માન શાલ - મોતીમાળ - શ્રીફળ અને અષ્ટમંગલ ફ્રેમ દ્વારા પ્રમુખ શ્રી દિલીપભાઈ કે. શાહ તત્કાલીન પૂર્વપ્રમુખ શ્રી અરવિંદભાઈ કે. શાહ દ્વારા બહુમાન કરી ભૂરી ભૂરી અનુમોદના સાથે પરિવારે સાધર્મિક ભક્તિ સહાયક દાતાનો લાભ લેવા બદલ ધન્યવાદ સાથે આભાર માનવામાં આવેલ અને ભૂરી ભૂરી અનુમોદના કરવામાં આવેલ.

ત્યારબાદ ડીગ્રી મેળવેલ સી.એ. એન્જીનીયર, એમ.બી.એ., ડૉક્ટર અને ધો.૧૨ અને ધો.૧૦ ઉચ્ચ ગુણાંક દ્વારા ઉર્તીણ થયેલ વિદ્યાર્થીઓને સ્ટેજ પર બોલાવી પારિતોષિક આપવામાં આવેલ. દાતા પરિવાર શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર શાહ પરિવારના સુપુત્ર શ્રી દેવાંગભાઈ દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ, ટ્રસ્ટી શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ અને ટ્રસ્ટી શ્રી ચંદુલાલ કેશવલાલ શાહ (સી.કે.શાહ) ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી મુકેશભાઈ શાહ તપસ્યા કમીટી કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ગોવનજી શાહે કરેલ. શ્રી સંઘના પદાધિકારીઓ સર્વે મંત્રી શ્રી ધીરૂભાઈ સંઘવી, મંત્રીશ્રી ભરતભાઈ કુવાડીયા, સહમંત્રી શ્રી મીતેશભાઈ શાહ, ખજાનચી શ્રી ગિરીશભાઈ શાહ, સહ ખજાનચી શ્રી કેતનભાઈ શાહ અને તપસ્યા કમીટી અને સર્વ કારોબારી સભ્યો એ સેવા આપેલ હતી.

દરેક તપસ્વીઓને શ્રી ઝાલાવાડ સંઘ તરફથી સાકરપુડો - છ ઉપવાસથી - પંદર ઉપવાસ સુધીનાને ચાંદીની ૫ ગ્રામ લગડી, ૧૬ ઉપવાસ શ્રી ૨૯ ઉપવાસ સુધીના તપસ્વીઓને ૧૦ ગ્રામ ચાંદીની લગડી, અને ૩૦ ઉપવાસ (માસક્ષમણ) અને તેથી વધારે ઉપવાસના તપસ્વીઓને ૨૦ ગ્રામ ચાંદીની લગડી આપી સાથે માતુશ્રી શકરીબેન ચીમનલાલ શાહ (ઘડીયાળી) (વાલકેશ્વર) પરિવાર તરફથી શ્રીફળ તથા રૂા.૧ ની પ્રભાવના કરવામાં આવેલ. શ્રી કીરીટભાઈ વૃજલાલ બાબરીયા પરિવાર તરફથી દરેક તપસ્વી પ્રભાવના રૂા.૨૦/- અને વિદ્યાર્થીઓને રૂા.૨૫૦/-નું પારિતોષિક પ્રતિનિધિ સભ્ય શ્રી દિલીપભાઈ ટી. શાહે વિતરણ કરેલ હતું.

શ્રી સંઘ તરફથી દરેક વિદ્યાર્થીઓની નામ પ્રિન્ટ કરેલ બોલપેન અને કીચેઈન સાથે સ્ટીલની પાણીની (સ્કુલ કોલેજમાં) સુંદર ઉપયોગી બોટલ પારિતોષિક રૂપે આપવામાં આવેલ. સ્ટેજ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પ્રીતીભોજન માટે સર્વે દાતા તથા આમંત્રિત મહેમાનો પધારેલા. આ કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં દરેક સભ્યોનો આભાર.

કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ શાહે કાર્યક્રમ આયોજન અને જમણવાર વ્યવસ્થામાં શ્રી મુકેશભાઈ શાહ અને અન્ય પદાધિકારી અને તપસ્યા કમીટીના અને કારોબારી સભ્યોના યોગદાન અને સહકાર બદલ દરેકનો આભાર માનવામાં આવેલ.

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂતિપૂજક સંઘ - મુંબઇ
સંવત ૨૦૭૮ના ભાદરવા વદ ૧ રવિવાર તા.૧૧-૯-૨૦૨૨

**તપશ્ચર્યા**

૫૫ ઉપવાસ - ૧ તપસ્વી
૪૫ ઉપવાસ - ૧ તપસ્વી
૩૧ ઉપવાસ - ૧ તપસ્વી
માસક્ષમણ - ૪૪ તપસ્વી
૧૬ ઉપવાસ થી ૨૯ ઉપવાસ સુધીના - ૭ તપસ્વી
૬ઉપવાસ થી ૧૫ઉપવાસ સુધીના - ૨૦૪ તપસ્વી
કુલ તપસ્વી - ૨૫૮

**એજ્યુકેશન વિધાર્થીઓની વિગત**

એસ.એસ.સી. - ૧૧ વિધાર્થી
એચ.એસ.સી. - ૧૦ વિધાર્થી
આય.સી.એસ.ઇ. - ૧૦ વિધાર્થી
સી.બી.એસ.ઇ. - ૧વિધાર્થી
બી.કોમ. - ૫ વિધાર્થી
અન્ય ડિગ્રી - ૨૮ વિધાર્થી
( એન્જીનીરીંગ, સી.એ, બી.ઇ, એલ.એલ.બી, બી.એમ.એસ., એમ. કોમ, બી.ટેક, પી.એચ.ડી, એમ.બી.એ)
કુલ વિધાર્થી પારીતોષીક -૬૫

**માતુશ્રી મંજુલાબેન ખીમચંદ છગનલાલ શાહ**
**ખેરવા નિવાસી હાલ માટુંગા**
**કાયમી સાધર્મિક ભક્તિ યોજના**
**માતુશ્રી ઇંદીરાબેન નરેશભાઇ હીરાલાલ શાહ**
**ચોટીલા નિવાસી હાલ ગોરેગાંવ**
**કાયમી સહાયક સાધર્મિક ભક્તિ યોજના**

મુંબઈમાં વસતા સભ્ય પરિવારના સાધર્મિક પરિવારોને સાધર્મિક ભક્તિ-એપ્રીલ ૨૦૨૨ માં ૧૨૦ પરિવારોની અરજી તપાસ કરી, ચકાસણી કરતા પાસ કરેલ અરજીઓને માસિક ધોરણે ૧ પરિવારને રૂા. ૫૦૦/- મુજબ વાર્ષિક રૂા.૬૦૦૦/- ફાળવવાનું નક્કી કરેલ જેની કુલ રકમ રૂા. ૭,૨૦,૦૦૦/- સીધાજ દરેક પરિવારના બેંક ખાતામાં ત્રણ હપ્તાથી મોકલવામાં આવેલ. લગભગ ૧૫૦ પરિવારો ને દિવાળી પ્રસંગ નિમીત્તે અનાજની મીઠાઇ ફરશાણની કીટ આપવામાં આવેલ.

માતુશ્રી શકરીબેન ચીમનલાલ ચત્રભુજ શાહ - વાલકેશ્વર ના પુત્ર શ્રી રમેશભાઇ સી. શાહના ૭૫ વર્ષ પુર્ણ થતા તેમજ તેમના ધર્મપત્ની શ્રીમતી મંજુલાબેનની પૂણ્યતીથી નીમીત્તે સાધર્મિક ૧૪૫ પરિવારને રૂા.૧૫૦૦/- લેખે ડીસેમ્બર માસ મહિનામાં પરિવારોના બેંકના ખાતામાં જમા કરવામાં આવેલ. આપણા શ્રી સંઘ મંત્રીશ્રી ધીરૂભાઇ સંઘવીની મહેનતથી કરવામાં આવેલ તેઓ શ્રી ધીરૂભઅઇ સંઘવીના મામા થાય છે શ્રી સંઘ તેઓશ્રીનો આભાર માને છે.

ઉપરોક્ત અહેવાલ કાયમી સાધર્મિક ભક્તિ યોજનાના કન્વીનર **શ્રી રસીકભાઇ સુખલાલ શાહ એ રજૂ કરેલ આ સાથે પ્રમુખ શ્રી દીલીપભાઇ ખીમચંદ શાહ, ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ, ઉપપ્રમુખશ્રી કમલેશભાઇ મહાસુખલાલ પારેખ તથા, કન્વીનરશ્રી રસીકભાઇ સુખલાલ શાહ ત્થા સર્વ સાધર્મિક ભક્તિ વ્યવસ્થા કમીટીનો તન-મનથી મળેલ સાથ સહકાર બદલ ખુબ-ખુબ આભાર.**

**સમુહ લગ્નના કાયમી પ્રેરકદાતાઓ**
શ્રીમતી શાંતાબેન બુટાલાલ હુકમદચંદ શાહ પરિવાર
(કોંઢ નિવાસી હાલ ઘાટકોપર)
શ્રીમતી સવિતાબેન ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર
(ખેરવા જતના નિવાસી હાલ સાયન)
**જમણવારના કાયમી પ્રેરકદાતાઓ**
શ્રી બુટાલાલ હુકમચંદ શાહ પરિવાર
(કોંઢ નિવાસી હાલ ઘાટકોપર)
તથા
શ્રીમતી મનહરબેન કીરીટભાઇ રતનશી શાહ પરિવાર
(ધોલેરા નિવાસી હાલ મુલુંડ)
**સમુહલગ્નનાં સથવારે....**

આપણા શ્રી સંઘ તરફથી વર્ષ ૧૯૭૯ થી શરૂ કરેલ સમુહ લગ્નથી આજ સુધીમાં ૮૩ માં સમુહ લગ્નના માંડવેથી લગભગ ૪૧૯ નવયુગલોએ દામ્પત્ય જીવનની શરૂઆત કરેલ છે. હાલમાં હમણાં જ ૮૩ માં સમુહલગ્ન દરમ્યાન ખૂબ જ સુંદરતાથી ભવ્યાતિભવ્ય આયોજન સાથે લગ્નજીવન શરૂ કરનાર બે દંપતિઓનું બહુમાન કરવામાં આવેલ.

આપણા શ્રી સંઘે સમાજના પરિવારોના હિત માટે - સમુહ લગ્નનું આયોજન શરૂ કર્યુ, ત્યારે મુંબઈ શહેરમાં આપણે એટલે કે શ્રી સંઘ દ્વારા એકલા જ આ પ્રવૃત્તિમાં સહભાગી થયેલ.

આપણા શ્રી સંઘ દ્વારા આયોજીત સમુહલગ્નની સફળતા માટે, શ્રેષ્ઠીવર્યોએ - તેમના આર્થિક યોગદાન થકી સમુહલગ્નના કાયમી પ્રેરકદાતા શ્રીમતી શાંતાબેન બુટાલાલ શાહ પરિવાર, તેમજ જમણવારના કાયમી પ્રેરકદાતા સ્વ. શ્રી બુટાલાલ હુકમચંદ શાહ પરિવાર, તેમજ સમુહલગ્નના બીજા કાયમી પ્રેરકદાતા

**શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ પરિવાર** અને જમણવારનાં કાયમી પ્રેરકદાતા **શ્રીમતી મનહરબેન કીરીટભાઈ રતનશી શાહ પરિવાર** અને સર્વે દાતાશ્રી પરિવાર થકી આપણો જૈન સમાજ ઉજળો છે - જાગૃત છે અને પરિવર્તનશીલ તેમજ પ્રગતિશીલ છે.

આ સંપૂર્ણ આયોજનને સફળ બનાવવા, શ્રી સંઘના યુવાન - સ્વપ્નદૃષ્ટા - ઉમંગથી તરવરાટથી શોભતા પ્રમુખશ્રીનું માર્ગદર્શન, તેમજ ઉપપ્રમુખશ્રી, માનદ્ મંત્રીશ્રીઓ, ખજાનચીશ્રી, સહખજાનચીશ્રી અને દરેકની સતત હાજરી - પ્રેરણા - કાર્યને નિષ્ઠાપૂર્વક પૂર્ણતાએ પહોંચાડવાની જવાબદારી આવડત તેમજ સર્વે ટ્રસ્ટીઓ અને કારોબારી કમીટીના સભ્યોના નિસ્વાર્થ પ્રેમ તેમજ

હાસ્ય સભર મદદરૂપ થવાના ઈરાદાઓ - પ્રેરક બળ પુરૂ પાડતાં હોય છે.

સમુહલગ્ન કમીટી દ્વારા થતા વિવિધ કાર્યોની જવાબદારી અદા કરવા, જેમકે જમણવારની વ્યવસ્થા - આમંત્રીતો - મહેમાનોને બેસવાની વ્યવસ્થા, વરઘોડાની વ્યવસ્થા - સવારના ચા-નાસ્તાની વ્યવસ્થા, લગ્નમંડપથી લઈને જાન વિદાય સુધીની વ્યવસ્થા, કરિયાવરભેટની વસ્તુઓનાં ડિસપ્લે કાઉન્ટર વ્યવસ્થા તેમજ અન્ય નાની-મોટી અસંખ્ય જવાબદારીઓની વ્યવસ્થા સંભાળવા માટે બોરીવલી મંડળ, કાંદિવલી મંડળ તેમજ મલાડ મંડળના પ્રતિનિધિઓ, તેમજ આ ત્રણે મંડળના યુવા મંડળ અને મહિલા મંડળના પ્રતિનિધિઓનાં સુંદર સાથ થકી સમુહલગ્ન કમીટીનું કાર્ય નિર્વિઘ્ને સફળતાને ચાર ચાંદ લગાડવામાં મદદરૂપ થયેલ હતું.

આ મંગલમય શુભ પ્રસંગે - આપણા ઝાલાવાડ સમાજના વડીલો-શ્રેષ્ઠીઓ-સંઘના ટ્રસ્ટીઓ-હોદ્દેદારો દરેક વ્યવસ્થાપક કમીટીનાં સભ્યો - ઝાલાવાડ ફાઉન્ડેશનના પદાધિકારીઓ, ઉપનગરનાં મંડળો-મહિલા મંડળો અને યુવા મંડળોના પ્રતિનિધિઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

ઉદારદિલ દાતાશ્રીઓના ઉમદા અને અમુલ્ય યોગદાન થકી જ સમાજની અંદર સમાજને ઉપયોગી વિવિધ પ્રવૃત્તિઓ - જેનું એક અંગ સમુહ લગ્ન પ્રસંગ જેવા કાર્યો થઈ શકે છે.

સમુહલગ્નની સંપૂર્ણ સફળતા સમાજના વિવિધ મંડળોના ભાઈઓ/બહેનો તેમજ શ્રી સંઘના સર્વે પદાધિકારીઓ - જેમકે પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, માનદ્ મંત્રીશ્રીઓ - માનદ્ખજાનચીશ્રી તથા સહખજાનચીશ્રી તેમજ ટ્રસ્ટીગણ - તેમજ દરેક ઉદાર દિલ સખાવતીઓના આર્થિક યોગદાન - અનુભવનું યોગદાન - હાજરીનું યોગદાન - સેવાનું યોગદાન. આ સર્વે એક ટીમ થકી સમુહમાં રહી કરેલ નિર્ણયો આ આયોજન ખૂબ જ સફળતાને પામે છે તેમજ દીપિ ઉઠે છે.

કન્વીનર તરીકે મને સર્વે મહાનુભાવોનો સંપૂર્ણ સાથ-સહકાર-પ્રેમ-સમજણ-સમજદારીભર્યું વર્તન તેમજ અખૂટ અને અમુલ્ય યોગદાન મળેલ છે, તે બદલ દરેક પ્રત્યે હું મારૂં ઋણ અદા કરી બે હાથ જોડી આભાર વ્યક્ત કરૂં છું. છતાં જો કાંઈ ક્ષતિ રહી ગઈ હોય - તો તે મારી જવાબદારી છે તે બદલ મીચ્છામી દુક્કડમ.

- શ્રી સંઘ પ્રમુખશ્રી નું પ્રોત્સાહન અને કઠિન કાર્યને જે - તે ન્યાય આપવાની છુટ.
- માનદ્ મંત્રીશ્રીઓના અનુભવો-વિચારો તેમજ હોલસેલ ભાવથી કરિયાવરની દરેક વસ્તુઓ - વિણી વિણીને લાવવી, તેમજ કેટરર્સ/રસોયા મહારાજ સાથે રહી - ભોજનની વસ્તુઓનો બગાડ અટકાવવો - આ બધી કુનેહ તેઓએ સમુહમાં રહી વ્યકત કરેલ છે.
- પ્રસંગની સંપૂર્ણ જવાબદારીનું સંકલન તેમજ અમલ કરવો - તે સર્વે સમુહ લગ્ન કમીટીના કાર્યદક્ષ-સમજદાર-અનુભવી સભ્યો દ્વારા થયેલ.
- શ્રી સંઘની ઓફિસના સ્ટાફ મેમ્બર્સ તેમજ દામોદર વાડીના સર્વે કાર્યકર ભાઈઓ/સ્ટાફના સભ્યોના ઉમદા સહકારની નોંધ લેવી જ પડે.
- દરેક પરા મંડળો - મહિલા મંડળો - યુવા મંડળો તેમજ સમાજના ઉદાર દિલ સખાવતીઓએ લગ્ન નિમિત્તે - નવદંપતીને કરિયાવરમાં આપેલ ભેટ-સોગાદો બદલ આભાર.
- ઝાલાવાડ જૈન દર્શન પત્રિકામાં અહેવાલ સમયસર અને વ્યવસ્થિત રજુ કરવા માટે પત્રિકાના તંત્રીશ્રી ઓની સરાહના.
- નાના/મોટા અન્ય કાર્યો માટે સાથ અને સહકાર તેમજ મદદરૂપ થવા બદલ નામી/અનામી કાર્યકરોનો આભાર.

ઉપરોક્ત અહેવાલ સમૂહલગ્નનાં કન્વીનર શ્રી વિપુલભાઇ પ્રાણલાલ બગડીયાએ રજૂ કરેલ છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ દામોદર વાડી

વર્ષ એપ્રિલ-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૩ સુધીનો દામોદરવાડીનો વાર્ષિક અહેવાલ આપ સર્વે સમક્ષ રજુ કરીએ છીએ.

ચાલુ વર્ષ એક રીતે દામોદર વાડી માટે ઉત્સાહ જનક રહ્યું કારણ કે વાડી વપરાશ ગત વર્ષ કરતા થોડો વધુ રહેલ છે. બીજી રીતે થોડો નિરાશા જનક રહ્યો કારણકે પ્રથમ છ માસમાં એક પણ લગ્ન નોંધાયેલ ન હતુ. ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ દામોદર વાડીનો મહતમ લાભ ઝાલાવાડી પરીવારોએ લીધેલ છે. એપ્રિલ - ૨૦૨૨ થી માર્ચ - ૨૦૨૩ નીચે મુજબ વાડી વપરાશ રહેલ છે.

ઝાલાવાડી તથા નોન ઝાલાવાડી પરિવારની બુકીંગની વિગત

| | | |
|---|---|---|
| આખો દિવસ | ૦૯ | લગ્ન તથા અન્ય પ્રસંગે સંપુર્ણ દિવસ |
| અડધો દિવસ | ૧૯ | સગપણ/પુજન/જમણવાર |
| નીચેનો હોલ/રસોડુ | ૧૪ | જમણવાર/કાંદીવલી મહિલા મંડળ |
| પ્રાર્થના ભાવયાત્રા | ૩૦ | પ્રાર્થના / ભાવયાત્રા / સાંગી |
| શ્રી શાંતિનાથ સંઘ | ૩૬ | ચૈત્ર માસ તથા આસોમાસની આયંબીલ ઓળી/ ધ્વજારોહણ / પર્યુષણ પર્વ |
| કુલ દિવસ | ૧૦૮ | |

તેમજ સેનેટોરીયમ બીજા માળની રૂમો કુલ ૭૮ દિવસ આપેલ છે. તે ઉપરાંત મંડપ

| | |
|---|---|
| ૦૧ દિવસ | નોટબુક વિતરણ |
| ૦૭ દિવસ | પર્યુષણ મીઠાઇ બનાવવા માટે |
| ૧૫ દિવસ | દિવાળી મીઠાઇ ફરશાણ બનાવવા માટે |

તેમજ ૦૨ સ્વામી વાતસલ્ય પ્રસંગે આપેલ છે.

વર્ષ દરમ્યાન શ્રી શાંતિનાથ સંઘને કુલ ૩૨ દિવસ તેમના વર્ષોની પ્રણાલીકા મુજબ ધાર્મિક અને આયંબીલ ઓળી તેમજ પર્યુષણ પ્રાસંગે આપેલ. (ઉતર પારણા/ હાલરડા / સ્વામી વાતસલ્ય વગરે) માટે આપેલ.

આ મુજબ કુલ ૧૦૮ દિવસ વાડી વપરાશ તેમજ ૭૮ દિવસ સેનેટોરીયમ વપરાશ હતો.

આ ઉપરાંત આપણે દામોદરવાડીમાં ટેરેસ પર મોબાઇલ ટાવર માટે ભાડેથી જગ્યા આપેલ છે.

| | |
|---|---|
| જેમા વાડી આવક અંદાજીત | રૂ.૧૩,૫૩,૭૮૫/- |
| વાડી દુકાન ભાડ | રૂ.૨,૦૩,૮૨૪/-તેમજ |
| વાડી BMC Tax ના (દુકાન) | રૂ.૧૩,૦૧૩/- |

વાડી મોબાઇલ ટાવર ભાડાના રૂા.૬,૭૫,૦૦૦/- મળીને
કુલ વાડી આવક રૂા.૨૯,૫૨,૬૨૨/- થાય છે.

## સમાજરત્ન શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ પ્રેરિત ઝાલાવાડ જૈન દર્શન પત્રિકા

ઝાલાવાડ જૈન દર્શન આપણા શ્રી સંઘની આન બાન અને શાન છે. કોઇપણ સમાજનું મુખપત્ર આટલો લાંબો સમય નિયમિત રીતે પ્રકાશીત થતુ રહે તે સમાજને માટે ગૌરવ સમાન છે. આપણી પત્રિકાના ૪૭ વર્ષ પૂરા થાય છે સમાજમાં થતી દરેક પ્રવૃતીની જાણ દર મહિને એક એક પરિવાર સુધી પહોંચે છે. તેજ તો આપણી અનેરી સિધ્ધિ છે. દિવસે દિવસે શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સમાજનાં મુંબઇમાં કાર્યરત મંડળો - યુવા મંડળો - મહિલા મંડળો ધ્વારા થતી પ્રવૃતીઓની જાણ પત્રિકાના માધ્યમથી ઘર ઘર સુધી થાય છે. આ ઉપરાંત આપણુ ઝાલાવાડ ફાંઉડેશન - ઝાલાવાડ બિઝનેશ ફોરમ અને ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થતી સમાજ ઉપયોગી પ્રવૃતીઓના સમાચાર પત્રિકાના માધ્યમથી દરેક પરિવાર સુધી પહોંચે તેજ આપણા સંઘની આ પત્રિકાનું સાચું મૂલ્યાંકન છે.

ઘણા વર્ષોથી વચ્ચેના થોડા વર્ષોને બાદ કરતા સ્વ.શ્રી **અનોપચંદભાઇ ખીમચંદ શાહ** પત્રિકાનું સફળ સંચાલન કરી રહ્યા હતા. વર્તમાનમાં આપણા સંઘના મંત્રીશ્રી **મુકેશભાઇ ઉત્તમચંદ શાહ** પત્રિકા સુંદર સંચાલન કરી રહ્યા છે. આ પત્રિકાનો વર્ષ ૨૦૨૨/૨૩ નો અહેવાલ રજુ કરતા આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમ્યાન આપણે ૩૮૬ પેઇજનું પ્રકાશન થયુ છે જેમા ૧૨ માસ (એપ્રિલ-૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩) પ્રકાશિત કરેલ.

મુંબઇના બહુ ઓછા જૈન સમાજો છે કે જેમના મુખપત્રો આટલા લાંબા સમયથી પ્રકાશીત થતા હોય. આપણુ એ સદભાગ્ય છે કે આપણને વર્ષ ૧૯૮૯ થી આજ દિવસ સુધી લગભગ ૩૨ વર્ષથી આપણા વડિલ મુરબ્બી સ્વ. **શ્રી અનોપચંદભાઇ શાહ** તંત્રીપદે રહી અવિરત સેવાઓ આપેલ છે. ખરેખર આપણું આ મુખપત્ર સમાજ તથા સંઘ અને સમાજની વિવિધ સંસ્થાઓ વચ્ચે કડી બનીને ઉભુ છે. આપણા સમાજની સંસ્થાઓની સક્ષમતા અને મજબૂતાઇમાં પત્રીકાનો સહયોગ મહત્વનો રહ્યો છે. આજે સ્વ.શ્રી અનોપચંદભાઇની ઉણપ અને ખોટ પડી છે તે દેખાઇ આવે છે.

આપણી પત્રિકામાં દરેક પરા મંડળને - યુવા મંડળને - મહિલા મંડળને એક સરખો ન્યાય આપવામાં આવે છે. પત્રિકાએ હંમેશા સંઘની નિતિને અનુસરીનેજ કામ કર્યુ છે.

આપ સહુના સાથ સહકારથી પત્રિકાનું પ્રકાશન ચાલુ રાખી શક્યા તેનો આનંદ છે. સમાજના પરિવારોની કોમર્શીયલ જાહેરાત શ્રંધ્ધાજલી - વેવીશાળ યોગ્ય મુરતીયા - કન્યા બાયોડેટા વગેરેના પત્રીકા માટે પ્રતિસાદ મળેલ જેના માધ્યમથી પરિવારોને ઉપયોગી થઇ માહિતગાર થઇ શક્યા છીએ.

આવક ત્થા ખર્ચને ધ્યાનમાં ન લેતા સમાજનો સંપર્કસેતુ જીવંત રાખવા એપ્રિલ - ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ સુધી સમાજની પત્રિકા પ્રકાશીત કરવામાં આવેલ જે આજ દિવસ સુધી ચાલુ છે. હજી પણ કપરા સંજોગો વિટંબણા વાળી પરિસ્થિતી ચાલુજ છે. પરંતુ અમને વિશ્વાસ છે કે આપ સહુ સાથ સહકારથી આ પ્રકાશન અવિરત ચાલુ રહેશે.

અમારે હજી પણ આ પત્રિકાને ઉચ્ચતમ શિખરે લઇ જવી છે. આ માટે સૌનો સાથ-સૌનો સહકાર જરૂરી છે. અમારે એક બીજી વાતનો ઉલ્લેખ પણ કરવો છે. કે ૧૨ મહિને નિયમિત રીતે પત્રિકા સમયસર બહાર પાડવી - પત્રિકાને વાંચન પ્રિય બનાવવી - સૌને ન્યાય આપવો. એ માટે સખત પ્રયત્નશીલ રહેવું આ બધુ ઘણુજ કઠીન કાર્ય છે.

આ તકે **તંત્રીશ્રી મુકેશભાઇ**ની સેવાઓની નોંધ લેવામાં આવે છે. અહીંયા ખાસ ઉલ્લેખ કરીશ આપણા પત્રિકાનાં પૂર્વ સંપાદક અને વઢવાણ મિત્ર મંડળ પત્રિકાના તંત્રીશ્રી ઉપેન્દ્રભાઇ શાહનો તેમણે જરૂર જણાયે પત્રિકા બાબતમાં જરૂરી માર્ગધર્શન સાથે સલાહ દ્વારા પત્રિકાને સારો ઓપ આપવાના પ્રયાસમાં સાથે રહ્યા છે. તેમની કહેવાની શૈલી - પારદર્શીદાતા અને સ્પષ્ટ વકતા તરીકેના ગુણ સામેવાળાને આકર્ષિત કરે છે તેમનો હ્રદય પૂર્વક આભાર માનું છું.

આ અહેવાલ પૂરો કરતા પહેલા અમારે એટલુંજ કહેવુ છે કે પત્રિકા પ્રકાશીત કરવામાં ક્યારેક કોઇ ક્ષતી રહી ગઇ હોય કોઇને દુઃખ લાગ્યુ હોય તો સૌને મિચ્છામી દુકકડમ માંગીએ છીએ.

## ગુજરાતી જૈન લગ્નોત્સુક યુવક - યુવતી પરિચય પુસ્તિકા

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ જ્યારે ૧૧૨ વર્ષ પૂર્ણ કરે છે ત્યારે સમાજને તેના શતાબ્દી વર્ષથી સેવાના ક્ષેત્રને વિસ્તારવા કટીબધ્ધ થાય છે. આજનો માનવી તેના જીવનમાં વિવિધ પ્રશ્નો સુલઝાવવામાં પોતાની જીંદગી પૂરી કરી નાખતો હોય છે ત્યારે આજના સમયનો વિકટ, વિકરાળ અને કઠીન પ્રશ્ન છે વેવિશાળ - સગપણનો સંતાનોના વેવિશાળનો - સગપણ આજની ઝડપથી વહી જતી બીજી જીંદગીમાં માનવી આ પ્રશ્ન સુલઝાવવા માટે અહીં તહીં ભાગદોડ કરતા હોય છે. એક બીજાના સંપર્કોના અભાવે, સાચા માર્ગદર્શકોના અભાવે, સમાજમાં શિક્ષણ વધ્યું છે. દિકરા દિકરીની પસંદગીના ધોરણો બદલાયા છે. આજના યુવક - યુવતી દરેક રીતે સમકક્ષ બન્યા છે. પસંદગી માટેના માપદંડો બદલાયા છે. આપણી રહેણી-કરણી જીવન જીવવાની રીત રસમો બદલાયા છે સમાજમાં મોભીઓની અછત વર્તાય છે, જે મોભીઓ છે તેઓપણ સમયાનુસાર આ વિકટ પ્રશ્નમાં સહાયતભૂત થવા ખચકાટ અનુભવી રહ્યા છે. આવા સંક્રાતીકાળમાં સમાજને ભગવાન ભરોસે ન છોડાય સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાની ફરજ સમજીને આ બીજો પ્રયોગ કર્યો છે.

ગત જાન્યુઆરી ૨૦૨૨માં ગુજરાતી જૈન લગ્નોત્સુક યુવક - યુવતી પરિચય પુસ્તીકા આપણા શ્રી સંઘ દ્વારા પ્રકાશીત કરવામાં આવેલ જેમાં ૧૫૫ લગ્નોત્સુક મુરતીયા કન્યાના બાયોડેટા આપવામાં આવેલા હતા. આ પરિચય પુસ્તીકાને ઉત્તમ પ્રતિસાદ મળતા પ્રેરણા મળતા ઓગષ્ટ - ૨૦૨૨માં બીજી પરિચય પુસ્તીકા બહાર પાડેલ અને સમાજને ઉપયોગી થવાના પ્રયત્નોમાં વિષેશ ફાળો આપેલ.

આ પુસ્તીકા જૈન સમાજના ચારે ફીરકાના યુવક - યુવતીના બાયોડેટા હોવાથી ઝાલાવાડી તેમજ અન્ય જૈન સમાજના પરિવારોને ઘણી ઉપયોગી સાબિત થયેલ અને સુંદર પ્રતિસાદથી યુવક - યુવતીના સગપણ નક્કી થયેલ જે જાણવા મળેલ.

**શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ**
**યાત્રિક ભવન - પાલીતાણા**
**માતુશ્રી સમજુબેન ત્રિભોવનદાસ લાલચંદ શાહ પરિવાર**
**હ.: શ્રીમતી પ્રવીણાબેન પ્રવીણચંદ્ર શાહ લીંબડી - ઘાટકોપર**

સંવત ૨૦૨૨-૨૦૨૩ નુ વર્ષ દરમ્યાન જ્યારે આપણે યાત્રીકોનો અવિરત પ્રવાહ બીજા વર્ષોમાં અનુભવતા હતા તે પ્રવાહ જળવાય રહ્યો હતો.

સાથે છેલ્લા થોડાક સમયથી સરકાર દ્વારા ઇલેકટ્રીકસીટીના ભાવ વધારાને કારણે ઇલેકટ્રીસીટી બીલ વધારે આવતા હતા. પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, હોદેદારો, ટ્રસ્ટીશ્રીએ અને કારોબારી સમિતી વિચારણા કરી ત્વરીત નિર્ણય લઇ સંપૂર્ણ યાત્રિક ભવનમાં સોલાર સીસ્ટમ બેસાડી જેનો સુંદર પ્રતિસાદ લાભ **શ્રીમાન શ્રેષ્ઠીવર્યશ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ પરિવાર** (લીંબડી નિવાસી હાલ પેડર રોડ મુંબઇ) માતબર રકમનું દાન આપી લાભ લીધેલ છે. ગત ફેબ્રુઆરી માસથી સોલાર પેનેલો થી ઇલેકટ્રીક પાવર જનરેટ થાય છે જેના દ્વારા લાઇટ - પંખા, એ.સી., લીફ્ટ માટેના વપરાશ બાદ કરતા અંદાજે ૧૫૦ થી ૧૮૦ યુનીટ બચત થાય છે. જે શક્ય ત્યારેજ બન્યું છે. ત્વરીત નિર્ણય લઇ અમલમાં મુકવાની નીતી થી શક્ય બન્યું છે. આ સોલાર સીસ્ટમ ચાલુ થવાથી વાર્ષિક ઇલેકટ્રીક બીલમાં અંદાજે ૧ લાખ ૩૦ હજાર આસપાસની વાર્ષિક બચત થશે. લાભાર્થી પરિવારની ભૂરી - ભૂરી અનુમોદના કરીએ છીએ.

આપણા યાત્રિક ભવનને ૧૮ વર્ષ પૂર્ણ થયા સાથે સમય સંજોગોને અનુરૂપ યાત્રિક ભવનની હાલની લીફ્ટ વારંવાર બગડી જતા તથા જર્જરીત થયેલ માટે નવીલીફ્ટ મુકવાનું શ્રી સંઘ પ્રમુખશ્રી,હોદેદારો,ટ્રસ્ટીશ્રી,કારોબારી સમિતીએ નક્કી કરેલ જેનો આદેશ **સમાજરત્ન શ્રીમાન ચીનુભાઇ હિંમતલાલ શાહ પરિવારે** (રામપુરા ભંકોડા હાલ વાલેકેશ્વર) લઇ સમાજને શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડેલ છે જુન માસથી લીફ્ટ કાર્યરત થઇ જશે. લાભાર્થી પરિવારની ભૂરી - ભૂરી અનુમોદના કરીએ છીએ.

પૂર્ણ વર્ષ દરમ્યાન આપણા યાત્રિક ભવનનાં પેકેજનાં મુખ્ય પ્રસંગોમાં

૧. આપણા યાત્રીકભવન અને જિનાલયની વર્ષગાઠ (મહાશુદી ૫)
૨. ફાગણ શુદી ૧૩ - છગાઉની જાત્રા
૩. વૈશાખ શુદી ૩ - વરસીતપના પારણા (અખાત્રીજ)
૪. અષાઢ શુધી ૧૪ ચાતુમાર્સ પ્રારંભ
૫. શ્રાવણ વદી ૧૧ - પર્યુષણ પ્રારંભ
૬. આસો વદી ૧૩ - ધનતેરશ - દિવાળી (નવું વર્ષ)

ઉપરોક્ત દરેક પેકેજમાં આપણા યાત્રિક ભવનમાં આરાધકોએ સુંદર લાભ લઇ રોકાયેલા હતા.

ફકત એકજ પ્રસંગ આપણા જિનાલયની વર્ષગાઠ આપણે દર વર્ષની જેમ ખૂબ જ ઉમંગ થી ઉજવી શક્યા હતા. તેનો વિગતવાર અહેવાલ પત્રીકામાં આપ મેળવી ચુકયા છો.

વર્ષ દરમ્યાન જીનાલયની વર્ષગાઠ ઉજવણી વખતે આપણે યાત્રીકભવનની કાયમી નિભાવ ફંડમાં રૂા. ૨૧૧૧૧/- ની યોજના માં સૌને જાણકારી આપી હતી તો તેમાં સુંદર પ્રતીસાદ મળેલ છે અને હજી પ્રવાહ ચાલુ છે.

વર્ષ દરમ્યાન આપણાં સંઘે તથા આપણી વિવિધ સંસ્થા ઓ એ સમાજ માટે ઘણી પ્રવૃતીઓ કરી છે અને હજી ચાલુ પણ છે. આ વર્ષે પ્રવૃતીઓની ખૂબ-ખૂબ અનુમોદના કરીને સૌને અમારા જય જીનેન્દ્ર.

**શ્રી જિનપ્રસાદ (યાત્રિક ભવન - પાલીતાણા)**
**હઃ એક સદ્‌ગ્રહસ્થ પરિવાર**

આપણા યાત્રિકભવનના શ્રી જિનપ્રસાદ માં આવતા યાત્રિકો અને અન્ય ધર્મશાળામાં રોકાયેલ યાત્રાળુઓ સેવા - પૂજા દર્શનનો ખાસ લાભ લે છે શ્રી જિન પ્રસાદમાં બાર માસિક (કારતક થી આસો) સુધી કેશર - સુખડ - બરાશ - દિપક માસિક ધોરણે નકરાથી સમાજના અગ્રગણીયો શ્રેષ્ઠીઓ અને દાતાઓ લાભ લે છે તે માટે સમાજના દાતાઓની ભુરી ભુરી અનુમોદના.

**પરામંડળો - મહિલા મંડળો**
**યુવા મંડળો.......**

શ્રી સંઘના પરાં વિસ્તારના ઘાટકોપર / સાયન-માટુંગા— વડાલા-દાદર / મલાડ /કાંદિવલી / બોરીવલી - દહીંસર / મીરારોડ / ભાયંદર / ત્થા વસઇ યુવા મંડળો કાર્યરત છે તેમજ ઉપનગરનાં મંડળો અને મહિલા મંડળો કાર્યરત છે. મંડળો એકબીજાના સહકાર સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરી રહયાં છે. હાલ સંઘના નેજા હેઠળ ૧૨ મંડળો, ૧૬ મહિલા મંડળો તથા ૮ યુવા મંડળો કાર્યરત છે. જે સંઘના દરેક કાર્યોમાં યોગ્ય સાથ-સહકાર આપી રહયાં છે.

વર્ષ દરમ્યાન દરેક ટ્રસ્ટીશ્રીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો, તથા પદાધિકારીઓ **પ્રમુખશ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ, IPP/ શ્રી અરવીંદભાઇ કાંતીલાલ શાહ, ઉપ-પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ તથા ઉપપ્રમુખશ્રી કમલેશભાઇ મહાસુખલાલ પારેખ, ખજાનચી શ્રી ગીરીશભાઇ કાંતીલાલ શાહ, સહખજાનચી શ્રી કેતનભાઇ કનૈયાલાલ શાહ તથા દિલેર દાતાશ્રીઓ** વગેરેના ખૂબ જ સાથ સહકાર મળેલ છે. સહુના આત્મીય સાથ સહકારથી શ્રી સંઘની પ્રવૃત્તિઓ થઈ રહી છે. આપ સર્વેનો અતઃકરણપૂર્વક ઋણ સ્વીકાર કરીએ છીએ. ઉપરોક્ત દરેક વિભાગના કન્વીનરો, વ્યવસ્થાપકો વગેરેનો સુંદર-શ્રેષ્ઠતમ સાથ-સહકાર-સહયોગ મળેલ છે.

વર્ષ દરમ્યાન કોઈના પ્રત્યે અવિવેક, અવિનય થયો હોય, કોઈના દિલને ઠેંસ પહોંચી હોય તો સૌની ક્ષમા માંગીએ છીએ. મિચ્છામિ દુક્કડમ્ સંઘને ઉચ્ચતમ પ્રગતિના પંથે લઈ જવા આપણે સાથે મળી વિવિધ કાર્યો કરતા રહીએ અને પ્રગતિના સોપાનો સર કરીએ એજ અભ્યર્થના, અભિલાષા.

લી.
મુકેશ યુ. શાહ ❖ ધીરૂભાઇ આર. સંઘવી
❖ ભરતભાઇ એન. કુવાડીયા
માનદ્ મંત્રીઓ
મીતેશ એસ. શાહ - સહમંત્રી

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - ઘાટકોપર

શ્રી ઘાટકોપર ઝાલાવાડ જૈન શ્વતાંબર મહિલા મંડળની બેનોને ખાસ જણાવવાનું કે આપણો આગામી પ્રોગ્રામ જેઠ વદ ત્રીજ (૩)ને મંગળવાર તા.૬-૬-૨૦૨૩ના રોજ દાણી રીસોર્ટ (મનોર પાસે) ૧ દિવસની પીકનીક નક્કી કરવામાં આવી છે. તે દિવસે સવારે ૬ વાગે આરાધના દેરાસર ઘાટકોપર ઈસ્ટમાંથી તથા ઘાટકોપર વેસ્ટની બસ સપના હોસ્પીટલ પાસેથી ૬ વાગ્યે ઉપાડવામાં આવશે. જે બહેનોએ રીસોર્ટમાં આવવું હોય તેઓએ નીચે આપેલ કમિટીની બહેનોને ત્યાં રૂા.૮૦૦/- ભરીને નામ લખાવી દેવા. એકવાર પૈસા ભર્યા બાદ કેન્સલ થશે તો પૈસા પાછા દેવામાં આવશે નહીં. તેમજ એકને બદલે બીજાને લેવામાં આવશે નહીં.

મેમ્બરના પૈસા - રૂા.૮૦૦/-, ગેસ્ટના રૂા.૧૫૦૦/- તથા ૧૦ વર્ષ સુધીના બાળકોના રૂા.૧૦૦૦/- લેવામાં આવશે.

કમિટી બહેનોના મોબાઈલ નંબર આ પ્રમાણે છે.

૧) ભારતીબેન - ૯૮૩૩૫૬૭૦૫૭
૨) અંજલીબેન - ૯૧૬૭૧૦૧૬૭૧
૩) મધુબેન - ૯૩૨૧૬૭૩૩૫૦
૪) રીટાબેન - ૯૮૧૯૭૫૫૨૨૬
૫) હીનાબેન - ૯૮૯૨૬૮૫૨૨૯

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ મુંબઈ

વિશાળ વડલાની શાખાઓ

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - સાંતાક્રુઝ

તા.૧૪-૪-૨૦૨૩ને શુક્રવારના રોજ બપોરના ૨.૦૦ કલાકે અચલગચ્છ અજીત કુંથુનાથ જીનાલયમાં મંડળના વડીલ સભ્ય સ્વ.શારદાબેન જેઠાલાલ શાહના આત્મશ્રેયાર્થે પંચકલ્યાણક પુજા ભણાવવામાં આવેલ હતી. પુજા સાંતાક્રુઝના આરાધક મંડળે ભણાવી હતી. સુંદર રાગરાગિણી ઢોલ મંજીરાના તાલે દેરાસર ગુંજી ઉઠ્યું હતું. દુહાની રમઝટથી દેરાસરમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. આરાધક મંડળે ઉત્સાહને ઉમંગ થી સુંદર પુજા ભણાવીને સૌને ખુશ ખુશ કરી દીધા હતા.

પુજા બાદ મનભાવન સંતુષ્ટ કરે તેવા અલ્પાહાર તથા આઈસક્રીમની મોજ મંડળના કમિટી મેમ્બર દિપીકાબેનના ટેરેસમાં માણી હતી. તેમના બિલ્ડીંગમાં શ્રી આદિનાથ દાદાનું ઘર દેરાસર છે. ત્યાં સૌએ દર્શનનો લાભ લીધેલ હતો.

પુજા બાદ ૫૦ રૂા.ની પ્રભાવના શારદાબેનના પરિવાર તરફથી તથા ૨૦ રૂા.ની પ્રભાવના સરયુબેન રાજેશભાઈ શાહ તરફથી તેમના બીજા વરસીતપ નિમિત્તે કરવામાં આવેલ હતી.

રૂા.૫૦૦/- કોકિલાબેન મહેતા તરફથી તેમના સુપુત્રના જન્મદિન નિમિત્તે
રૂા.૫૦૦/- મીનાબેન મહેતા તરફથી તેમના સુપુત્ર સૌરભના લગ્ન નિમિત્તે
રૂા.૧૦૦૦/- આરાધક મંડળને ભેટ હસ્તે રેખાબેન
રૂા.૧૦૦૦/- સાંતાક્રુઝ મહિલા મંડળને ભેટ હસ્તે રેખાબેન

મંડળ સૌનો આભાર માને છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - અંધેરી

વાર્ષિક દિવસની ઉજવણી - યાત્રા પ્રવાસ સાથે પ્રમુખશ્રી કેતકીબેને વાત જાહેર કરી કે વાર્ષિક દિન નિમિત્તે પંચ કલ્યાણક પૂજા સાથે યાત્રા પ્રવાસ કરીએ અને કમીટીની બેનોએ વાતને વધાવી લીધી. તા.૧૪-૦૪-૨૦૨૩ને શુક્રવાર સ્થળ મુનિસુવ્રત સ્વામી જિન - પ્રાસાદ - જયાનંદધામ - લોનાવાલા નક્કી કર્યો અને એની સાથે અલ્કેશ મોદીનું જિનાલય, તળેગાંવ પાર્શ્વ પ્રજ્ઞાલય, કળશ મંદિર યાત્રા કરવી એમ નક્કી થયું અને યાત્રાની તૈયારી થવા લાગી.

પૂજ્ય શ્રી જયશેખર સૂરિશ્વરજીએ લોનાવાલાની ધન્યધરા પર અતિ રમણીય, અતિ આધુનિક, સર્વે સુવિધાજનક, મનભાવન એવા આ તિર્થનું નિર્માણ કર્યુ છે. ૧૪ તારીખે સવારે ૫.૩૦ કલાકે અંધેરીથી બસ દ્વારા નમસ્કારમંત્રનું સ્મરણ કરતાં પ્રયાણ કર્યા. બસમાં પારૂલબેન અને અમીષાબેને ગેમ રમાડી બધા જ આનંદ વિભોર બની ગયા. ૮.૩૦ કલાકે જયાનંદધામ પહોંચી નવકારશીનો લાભ આપીને સર્વે બહેનો પૂજાના વસ્ત્રમાં સજ્જ થઈને ત્રણ માળાના જિનાલયમાં પ્રભુજીનો પક્ષાલ અને પૂજા કરીને પૂજા ભણાવવા લાગ્યા. પ્રભુભક્તિમાં એવા લીન બન્યા કે સમયનું ભાન ભૂલાઈ ગયું. અનેક સીન સીનરી સાવર ગામડાંના સીનો લાઈટીંગ વિ. જોઈને ધન્ય બન્યા. બધા બેનોએ ફોટો લીધા. જમણને ન્યાય આપી બસમાં પધાર્યા. ત્યાંથી અલ્કેશ મોદીના જિનાલય ગયા. ત્યાં મહાવીર સ્વામીના દર્શન સમૂહ ચૈત્યવંદન કરી લોકર રૂમમાં ચોવીશ જિન પ્રતિમાઓ રત્ન અને માણેકના ભરાવ્યા છે. તેના દર્શન કરતાં આંખે અશ્રુધારા વહેવા લાગી. ધન્ય છે આ કળયુગના ભરત મહારાજાને જેને આવી અપ્રતિમ, બહુમુલ્યવાન એવા પ્રતિમાજી ભરાવ્યા છે. ભરત મ.ના ભરાવેલા પ્રતિમાના દર્શન દુર્લભ છે. પણ આ શ્રી દિનેશભાઈએ પુત્ર શ્રી અલ્કેશની યાદમાં આ પ્રતિમાજી ભરાવ્યા છે. એવી વાત જાણવા મળી છે અને દર્શન પણ કર્યા છે. ત્યાં પલ્લવીબેન અજમેરા તરફથી ગુલ્ફીને ન્યાય આપી સહુ તળેગાંવ જવા રવાના થયા. તળેગાંવમાં પાર્શ્વપ્રજ્ઞાલય જિનાલયમાં દર્શન વંદન કરી સહુ કળશ મંદિર પહોંચ્યા અને ત્યાં પહોંચી દર્શન-ચૈત્યવંદન કરી ભક્તિ કરી પછી ચા-નાસ્તો-ચોવિહાર લાભ આપી ખુલ્લી હવામાં બેસી ગપસપ કરી આરતી કરીને બસમાં બેસી અંધેરી આવવા લાગ્યા. અંતાક્ષરી રમતા રમતા ૧૦.૩૦ કલાકે અંધેરી પહોંચી ગયા. આ યાત્રા પ્રવાસમાં નીચેની બહેનોએ લાભ લીધેલ છે. જેનો મંડળ ખૂબ અનુમોદના કરે છે.

**નવકારશી :** શ્રીમતી કલ્પીતાબેન સુભાષભાઈ અજમેરા

**જમણવાર :** શ્રીમતી જયશ્રીબેન જયેશભાઈ શાહ, શ્રીમતી સૈલાબેન નિમેષભાઈ શાહ, શ્રીમતી આશાબેન કલાપીભાઈ શાહ - ત્રણે બેનો મળીને

**ચોવિહાર :** શ્રીમતી ભારતીબેન અનીલભાઈ પરીખ.

પંચકલ્યાણક પૂજાનો સંપૂર્ણ લાભ - શ્રીમતી કેતકીબેન

શાલીભદ્રભાઈ ગાંધી

રૂા.૫૦૦/- શ્રીમતી કલ્પીતાબેન સુભાષભાઈ અજમેરાના પુત્રના લગ્ન નિમિત્તે મંડળને ભેટ

રૂા.૫૦૦/- શ્રીમતી કેતકીબેન ગાંધી તરફથી મંડળને ભેટ

રૂા.૧૦/- ની પ્રભાવના શ્રીમતી કેતકીબેન ગાંધી તરફથી પૂજા ભણાવવાના

રૂા.૨૫૦/- નું સંઘપૂજન સર્વે બેનો તરફથી સર્વે બહેનોને સાધારણ અને જીવદયા વિ. નો લાભ બધાએ હર્ષોલ્લાસ પૂર્વક લીધેલ હતો જે બધા તિર્થોમાં ભરેલ છે.

**આગામી કાર્યક્રમ :** તા.૦૫-૦૬-૨૦૨૩ના ૪.૩૦ કલાકે પાર્લા જુહુ બીચ પર **રમત-ગમતનો જલસો** રાખેલ છે. જેની સર્વે સભ્ય બહેનો નોંધ લેશોજી.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - બોરીવલી

ઉપરોક્ત મંડળનો ૪૩મો વાર્ષિક સ્નેહમિલન સમારંભ રવિવાર તા.૨૬-૨-૨૦૨૩ના રોજ ખુશનુમાભર્યા વાતાવરણ ત્રણ વર્ષ પછી કાર્યક્રમ થતો હોવાથી સમાજના દરેક સભ્યોને આનંદ, ઉમંગ અને ઉત્સાહ સાથે પાટીદર હોલ બોરીવલી (ઈસ્ટ) ખાતે યોજાયો હતો. અને એક બીજાને મળવાનો અનેરો ઉષ્મા સાથે મળવાનો આનંદ હતો.

સવારના ૯.૦૦ કલાકથી હોદ્દેદારો - ટ્રસ્ટીશ્રી કારોબારી સભ્યો અને કાર્યકર્તાઓની હાજરી સર્વપ્રથમ રક્તદાન શિબીર (બ્લડ ડોનેશન)નો પ્રારંભ લાભાર્થી શ્રી રમેશભાઈ નારિચાણીયાના સુપુત્ર શ્રી યોગેશભાઈ નારિચાણીયાના કરકમળો દ્વારા કરવામાં આવેલ ઉપસ્થિત સભ્યો અને કાર્યકર્તાઓએ બ્લડ ડોનેશન માટે લાઈન લગાવી હતી.

પ્રથમ ચરણમાં તપસ્વી બહુમાન, ઈનામી વિતરણ કાર્યક્રમનું સંચાલન કન્વીનર શ્રી મનીષભાઈ શાહ તથા શ્રી અલ્પેશભાઈ ગાંધીએ કર્યુ હતું. બહુમાન સમારંભના કાયમી પ્રમુખ શ્રી અનીલભાઈ જયંતીલાલ શાહ પરિવારના પૌત્ર તથા કાયમી અતિથિ શ્રી અશ્વિનભાઈ પદમશી શાહ પરિવાર, શ્રી જયંતીલાલ મણીલાલ શાહ (જે. એમ. શાહ) તથા પંચ વર્ષીય અતિથી શ્રી જયપ્રકાશભાઈ દેસાઈ પરિવારના શ્રી આનંદભાઈ અને શ્રી બીપીનભાઈ કુવાડીયા વગેરેને મંચ ઉપર પધારવા નમ્ર વિનંતી કરેલ. મંડળના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ સલોતે માનવંતા મહેમાનોનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. સર્વે મહેનાનોનું શાલ ઓઢાડી, મોતીની માળા પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ષના તપસ્વી બહુમાનના લાભાર્થી માતુશ્રી સુભદ્રાબેન ત્રંબકલાલ શાહના સુપુત્ર શ્રી દિનેશભાઈ શાહે (યુનીક જ્વેલર્સ) લીધેલ. અને તેમનું બહુમાન કરી તપસ્વીઓનું બહુમાન તેમના ધર્મપત્ની દ્વારા કરવામાં આવેલ.

આજના ૪૩માં સ્નેહ મિલનમાં મંડળની વિનંતીને માન આપી લીંબડીના ધારાસભ્ય અને ગુજરાત સરકારના વન-પર્યાવરણ મંત્રી ઉપસ્થિત રહ્યા હતા. અને તપસ્વી સમારંભમાં તપસ્વીઓનું બહુમાન આજના સંપૂર્ણ સમારંભના પુરસ્કર્તા શ્રીમતી સોનલબેન શૈલેષભાઈ શાહે કર્યુ હતું. વિદ્યાર્થી પારિતોષિક સમારંભમાં અનેક વિદ્યાર્થીઓએ મેરિટ પ્રમાણે નામો નોંધાવ્યા હતા. જે મંડળ માટે એક ગૌરવની વાત છે. દરેકનું સન્માન સ્ટેજ ઉપર આમંત્રિત કરીને સમયના અભાવે અશક્ય હતું. એસ.એસ.સી., એચ.એસ.સી. અને કોલેજ ડીગ્રી મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન કરી પારિતોષિક આપવા ઈનામ વિતરણના દાતાશ્રીએ પ્રાસંગીક પ્રવચનમાં વિદ્યાર્થીઓને સિધ્ધીને હૃદયપૂર્વક વિરદાવી હતી અને ભવિષ્ય માટે આર્શીવાદ આપ્યા હતા. દરેક દાતાઓનો આભાર માનવામાં આવેલ હતો.

બીજા ચરણમાં કાર્યક્રમની શરૂઆત ઝાલાવાડી ગાયક અને સંગીતકાર પાર્ટીના શ્રી મિલન શાહ દ્વારા સૂરીલા કંઠે નવકારમંત્રની ભાવપૂર્વક રજૂઆત કરેલ. સાથે ગીત-સંગીત મનોરંજન હાસ્યસભર કાર્યક્રમની રજૂઆત સાથે સંચાલન શ્રી મિલનભાઈએ દરેકને કરેલ. પોતાની આગવી છટામાં મધુર ગીતો ગાયા હતા અને હાજર શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી લોકોને ડોલતા કેરી નાખ્યા હતા. સાથે આતંકી હુમલાનો ટક્કર આપી ઓગણીસ ગોળી વાગેલ એવા કર્નલ શ્રી મધુસુદન સૂર્વે દ્વારા કારગીલ યુધ્ધ છ થી સાત કલાક ઝઝૂમીની કેવી રીતે પોતે આતંકવાદીઓને ભગાવ્યા હતા તેનો પોતે પરિસ્થિતિનો અહેવાલ આપેલ હતો. ઉપસ્થિત મહેમાનો અને સભ્ય શ્રોતાઓએ ઉભા થઈને તાળીઓથી માન આપી સાથે પ્રમુખ શ્રી પ્રફૂલભાઈ સલોતે સન્માન કરેલ હતું.

